# નોકરીના પ્રમોશનમાં અનામતને મંજુરી

નવી દિલ્હી, તા.૪

જેની ઉત્સુક્તાપુર્વક રાહ જોવામાં આવી રહી હતી તે સરકારી નોકરીઓમાં બઢતીમાં અનુસુચિત જાતી અને અનુસુચિતત જનજાતી માટે અનામત સાથે સંબંધીત બીલને આજે લીલીઝંડી આપી દેવામાં આવી હતી. વડાપ્રધાન મનમોહનસિંહનાં નેતૃત્વમાં કેન્દ્રિય કેબિનેટની મિટિંગ યોજાઇ હતી જેમાં સરકારી નોકરમાં બઢતીમાં એસસી અને એસટી માટે ક્વોટા માટેની જોગવાઇ કરવાની દરખાસ્તને મંજુરી આપવામાં આવી હતી. કેબિનેટે સંસંદમાં ચાલુ સત્રમાં બંધારણીય સુધારા બીલની રજુઆત આડેની અડચણોને પણ દુર કરી દીધી છે.

એસસી/એસટી પ્રમોશન બિલને આજે લીલીઝંડી આપી દેતા છેલ્લા ઘણાં દિવસથી ચાલી રહેલી અટકળોનો અંત આવી ગયો હતો. આની સાથે જ બઢતીમાં અનામત માટેનો માર્ગ મોકળો થઈ ગયો છે. સરકારી નોકરીમાં બઢતીમાં અનામતને અમલી બનાવવા માટે હવે બંધારણમાં સુધારા કરવામાં આવશે. હવે આ બિલને સ્ટેન્ડીંગ કમીટિમાં મોકલવામાં આવશે. યુપીએ સરકાર આ બિલને આ જ સત્રમાં રજૂ કરવાની યોજના ધરાવે છે. અત્રે ઉલ્લેખનીય છે કે ભારે વિવાદ થયા બાદ સરકારે સરકારી નોકરીમાં અનુસૂચિત જાતિ અને જનજાતિને બઢતીમાં અનામતના મામલા સાથે સંબંધિત બિલને સર્વપક્ષીય બેઠક બાદ ટાળી દેવાનો નિર્ણય કર્યો હતો. આ બેઠકમાં મોટાભાગના રાજકીય પક્ષોએ વૈધાનિક રીતે વધુ મજબૂત કાયદાની માંગ કરી હતી. વડાપ્રધાને બેઠક દરમિયાન કહ્યું હતું કે સરકાર આ સંદર્ભમાં સુધારા લાવવાની તરફેણમાં છે. આના તમામ પાસાંઓમાં કાયદાકીય રીતે ચકાસણી કરવામાં આવશે.

અનુસૂચિત જાતિ (એસસી)અનુસુચિત જનજાતિ (એસટી) અને પછાત વર્ગ (ઓબીસી)ને સરકારી નોકરીઓમાં બઢતીમાં અનામત આપવાના ઉત્તર પ્રદેશ સરકારના ૨૮મી એપ્રિલના નિર્ણયને સર્વોચ્ચ અદાલતે ફગાવી દીધા બાદ આ મુદ્દા પર વિચારણા કરવા માટે બેઠક બોલાવવામાં આવી હતી. સરકારી નોકરીમાં બઢતીમાં એસસી અને એસટી માટે અનામતની વ્યવસ્થા કરવા સાથે સંબંધિત બિલને મંજૂરી અપાતા મોટી રાહત થઈ ગઈ છે. સરકારે સમાજવાદી પાર્ટીના જોરદાર વિરોધ છતાં આ બિલને મંજૂરી આપી છે. અહેવાલ મુજબ સરકારે મુલાયમસિંહને ખાતરી આપી છે કે ઓબીસીને પણ મોડેથી બિલની સમીક્ષા હેઠળ આવરી લેવામાં આવશે. ગયા મહિને વડાપ્રધાન મનમોહનસિંહ સર્વપક્ષીય મિટીંગ બોલાવી હતી. બહુજન સમાજ પાર્ટીએ આ બિલને મજબૂત ટેકો આપ્યો હતો અને સુધારા બિલ રજૂ કરવાની તરફેણ કરી હતી. બઢતી સાથે સંબંધિત મામલાઓમાં દલિતોને રાહત મળે તેવી રજૂઆત માયાવતી દ્વારા કરવામાં આવી હતી. કોલસા બ્લોક ફાળવણીના મામલે સંસદમાં ઊભી થયેલી મડાગાંઠને ઉકેલવાના હેતુસર આ બિલને લીલીઝંડી આપી છે. કોંગ્રેસને આશા છે કે ભાજપ બિલના ટેકામાં આવશે જેથી સંસદમાં ૧૦ દિવસથી ચાલતા વિરોધનો અંત આવશે. જો કે બિલમાં ચોક્કસ ન્યાયીક ચકાસણીની પણ વ્યવસ્થા છે.

### મંજુરીની સાથે સાથે.....

- સરકારી નોકરીમાં બઢતીમાં એસસી અને એસટી માટે અનામત આપવા સાથે સંબંધીત વિકાસને મંજુરી
- વડાપ્રધાનનાં નેતૃત્વમાં મળેલી બેઠકમાં નિર્ણય લેવાયો
- એસસી અને એસટી માટે ક્વોટાની જોગવાઇ કરવાની દરખાસ્ત મંજુર થતાં છેલ્લા ઘણાં દિવસથી ચાલેલી અટકળોનો અંત
- સંસદનો વર્તમાન સત્રમાં બંધારણીય સુધારા બીલ રજુ થશે
- સમાજવાદી પાર્ટી સિવાય મોટાભાગનાં પક્ષોની માંગણી હતી
- સમાજવાદી પાર્ટીએ અગાઉ વિરોધ કર્યો હતો
- સીપીઆઇનાં નેતા ડી. રાજા દ્વારા કેબિનેટનાં નિર્ણયનો સ્વાગત કરાયો
- ઓબીસીનાં નેતા દ્વારા પછાત વર્ગ માટે પણ અનામતની માંગ કરવામાં આવી
- બહુજન સમાજ પાર્ટી દ્વારા નિર્ણયની પ્રશંસા કરવામાં આવી
- ભાજપને મદદરૂપ થવા અપિલ કરવામાં આવી
- સમાજવાદી પાર્ટીનાં વિરોધને લઈને હજુ પણ ઘણી ગુંચવણ
- આગામી દિવસોમાં બઢતીમાં એસસી અને એસટી ક્વોટને લઈને વિરોધ થશે



## બઢતીમાં અનામતને લઇને સરકારી કર્મીઓ ભારે ખફા

નવી દિલ્હી,તા. ૪

અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિનાં લોકોને બઢતીમાં અનામત આપવાનાં બીલને મંજુરી આપવાનાં કેબિનેટનાં નિર્ણયથી સરકારી કર્મચારીઓમાં નારાજગીનું મોજુ ફરી વળ્યું છે. આવતીકાલે ઉત્તરપ્રદેશનાં આશરે ૧૬ લાખ કર્મચારી આ નિર્ણયની સામે હડતાળ પર ઉતરવા કમર કસી ચુક્યા છે. ઉત્તર પ્રદેશનાં જુદા જુદા સરકારી વિભાગોમાં કામ કરતાં સરકારી કર્મચારી હડતાળ કરીને બઢતીમાં અનામતનો જોરદાર વિરોધ કરનાર છે. વિરોધ કરવનાર લોકોનું કહેવું છે કે જુદા જુદા વિભાગનાં સરકારી કર્મચારી પ્રદેશમાં જુદી જુદી જગ્યાઓએ માર્ગો ઉપર ઉતરીને વિરોધ પ્રદર્શન કરશે. તેમણે એમપણ કહ્યું હતું કે અમે કોઈપણ કિંમતે બઢતીમાં અનામતને લાગુ કરવાની મંજુરી આપીશું નહીં. ઉત્તર પ્રદેશમાં ૧૮ કર્મચારી છે જેમાં બે લાખ અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિ સાથે સંબંધિત છે. ઉત્તર પ્રદેશની સમાજવાદી પાર્ટીએ પણ બઢતીમાં અનામતનો વિરોધ કર્યો છે. કેબિનેટનાં નિર્ણય અંગે બહુજન સમાજ પાર્ટી ખુશ છે. ઉત્તર પ્રદેશની સાથે સાથે આગામી દિવસોમાં અન્ય રાજ્યોમાં પણ આને લઈને વિરોધ શરૂ થાય તેવી શક્યતા છે. મળેલી માહિતી મુજબ અન્ય રાજ્યોનાં સરકારી કર્મચારીઓ પણ કેન્દ્રિય કેબિનેટનાં આ નિર્ણયથી નારાજ દેખાઈ રહ્યા છે.

## બીલ ટુંક સમયમાં જ પાસ થઇ જશે : ખુર્શીદને આશા

કાયદા પ્રધાન સલમાન ખુર્શીદે આજે કહ્યું હતું કે સરકાર એ બાબતની ખાતરી કરશે તો આ બીલ ટુંક સમયમાં જ પાસ થઈ જાય. સલમાન ખુર્શીદની પ્રતિક્રિયાને ખુબ જ મહત્વપુર્ણ ગણવામાં આવે છે. તેમનું કહેવું છે કે કેબિનેટમાં અમને મંજુરી મળી ગઈ છે. જે દર્શાવે છે કે અમે આને વહેલી તકે લાવવા ઈચ્છુક છીએ. જુદા જુદા રાજકીય પક્ષો બીલને લઈને જુદી જુદી પ્રતિક્રિયાઓ આપી રહ્યા છે. ખુર્શીદે કહ્યું છે કે સર્વપક્ષીય મિટિંગમાં આ નિર્ણય લેવામાં આવ્યો છે. દરેકનો મત પણ આમાં લેવામાં આવ્યો છે. સરકારી સુત્રોનાં જણાવ્યા મુજબ આ બીલ બુધવાર અથવા તો ગુરૂવારે સંસદમાં રજુ કરવામાં આવશે.

## ક્વોટા બીલને લઇને બહુજન સમાજ પાર્ટીમાં ખુશીનું મોજુ


નવી દિલ્હી,તા.૪

અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિનાં લોકોને બઢતીમાં અનામત આપવાની દરખાસ્તને મંજુરી આપવામાં આવ્યા બાદ એકબાજુ બહુજન સમાજ પાર્ટીમાં ખુશીનું મોજુ ફરી વળ્યું છે. બીજી બાજુ સમાજવાદી પાર્ટીએ જોરદાર વિરોધ કરવાનો નિર્ણય કર્યો છે. આ મામલે પણ આગામી દિવસોમાં હવે રાજકારણ શરૂ થાય તેવા સંકેત દેખાઈ રહ્યા છે. કેબિનેટનાં નિર્ણય અંગે બહુજન સમાજ પાર્ટીનાં વડા અને ઉત્તર પ્રદેશનાં ભુતપુર્વ મુખ્યમંત્રી માયાવતીએ ખુશી વ્યક્ત કરી છે. તેમણે કહ્યું છે કે આ બીલને મળેલી કેબિનેટની મંજુરી તેમની પાર્ટીની જીત છે. માયાવતીએ સંસદમાં આને મંજુરી આપવામાં સરકારની મદદ કરવા તમામ પાર્ટીઓને અપિલ કરી છે. આ બીલને સંસદમાં પાસ કરાવવાની કવાયત હેઠળ માયાવતીએ ભાજપ પાસેથી ટેકાની માંગ પણ કરી છે. આના માટે માયાવતીએ પાર્ટીનાં સાંસદ સતિષ ચંદ્ર મિશ્રાની સાથે ભાજપનાં નેતાઓ સાથે વાતચીત કરી હતી. માયાવતી મિશ્રાની સાથે લોકસભામાં ભાજપનાં નેતા સુષ્મા સ્વરાજ અને રાજ્યસભામાં પાર્ટીનાં નેતા અરૂણ જેટલીને મળ્યા હતા અને બીલને પાસ કરાવવાના મામલે સમર્થનની માંગ કરી હતી. સુત્રોનાં જણાવ્યા મુજબ બસપનાં નેતાઓએ ભાજપને સંસદ ચાલવાની મંજુરી આપવાની પણ માંગ કરી છે.જેથી બીલને રજુ કરીને પાસ કરી શકાય. બીજીબાજુ સમાજવાદી પાર્ટીનાં નેતા મોહનસિંહે કેન્દ્રિય કેબિનેટના આ નિર્ણય અંગે નારાજગી વ્યક્ત કરી છે અને કહ્યું છે કે વિરોધ પ્રદર્શન જારી રહેશે. તેમણે કહ્યું છે કે કેબિનેટથી મંજુર થયા બાદ આ બીલ સ્ટેન્ડિંગ કમિટિમાં જશે. સમાજવાદી પાર્ટીનાં નેતા રામગોપાલ યાદવે કહ્યું છે કે આ બીલ ગેરબંધારણીય છે.

## કોલસા ફાળવણી કૌભાંડમાં આઠ રાજ્યોમાં સીબીઆઈના વ્યાપક દરોડા

નવી દિલ્હી, તા.૪

સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટીગેશને (સીબીઆઈ) કોલસા કૌભાંડ મામલામાં તેની તપાસ વધુ તીવ્ર બનાવી દીધી છે. સીબીઆઈએ પાંચ કંપનીઓ સામે એફઆઈઆર દાખલ કરી છે. સાથે સાથે આજે સવારે દેશભરમાં દરોડાના કામગીરી પણ હાથ ધરી હતી. દેશભરમાં આશરે ૩૦ સ્થળોએ એકસાથે દરોડા પાડવામાં આવ્યા હતા. જે પાંચ કંપનીઓ સામે કેસ દાખલ કરવામાં આવ્યો છે તેમાં એક કંપનીનાં કનેક્શન કોંગ્રેસનાં સાંસદ વિજય દરદા સાથે પણ છે. કોલસા બ્લોકની ફાળવણીના મામલામાં ગેરરીતિમાં સીબીઆઈએ તેની તપાસ વધુ તીવ્ર બનાવી દીધી છે. આજે સવારે વ્યાપક દરોડાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. ઝારખંડ અને છતીસગઢમાં ઘણી કંપનીઓને કોલસા માઈનની ફાળવણી કરવામાં આવી હતી. જે પાંચ કંપનીઓ સામે એફઆઈઆર દાખલ કરવામાં આવી છે તેમાં વિમ્મી, આયર્ન એન્ડ સ્ટીલ, નવભારત સ્ટીલ, જેએલડી યાવાતમલ અને એએમડી સ્ટીલનો સમાવેશ થાય છે. આ કંપનીઓને ઝારખંડ અને છતીસગઢમાં કોલસા બ્લોકની ફાળવણી કરવામાં આવી હતી. આ કંપનીઓ ઉપર આક્ષેપ છે કે માઈનની ફાળવણી કરનાર ચકાસણી સમીતિને ગેરમાર્ગે દોરવામાં આવી હતી.



સીબીઆઈને દહેશત છે કે આ કંપનીઓએ પેનલ સાથે છેતરપિંડી કરી હતી. ફાળવવામાં આવેલા બ્લોકમાંથી કોલસા કાઢવામાં કંપનીઓ સક્ષમ છે તેવી માન્યતા પેનલને હતી. એફઆઈઆરમાં કોલસા મંત્રાલયના વણઓળખાયેલા અધિકારીઓ અને રાજ્ય સરકારના અધિકારીઓના નામનો પણ ઉલ્લેખ છે. કોલસા મંત્રાલયમાં વણઓળખાયેલા અધિકારીઓ અને રાજ્ય સરકારના અધિકારીઓએ આ કંપનીઓને માઈનની ફાળવણી કરવામાં ચાવીરૂપ ભૂમિકા ભજવી હતી. એફઆઈઆર દાખલ કરવામાં આવ્યા બાદ સીબીઆઈના અધિકારીઓએ ધનબાદ, હૈદરાબાદ, નાગપુર, મુંબઈ, દિલ્હી, કોલકોતા અને પૂણે સહિત ૧૦થી વધુ શહેરોમાં ૩૦ સ્થળો ઉપર દરોડા પાડ્યા હતા અને ઊંડી ચકાસણી હાથ ધરવામાં આવી હતી. આઠ રાજ્યોમાં દરોડાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. પાંચની સામે કેસ દાખલ થઈ ચૂક્યો છે. ઓછામાં ઓછી ૧૦ કંપનીઓ નિયમોના ભંગ કરવાના મામલામાં મુશ્કેલીમાં છે. સીબીઆઈની ટીમ ઝારખંડ અને છતીસગઢમાં મુખ્ય ધ્યાન આપી રહી છે. આ સ્થળો ઉપર દસ્તાવેજોની ચકાસણી કરવામાં આવી હતી. દરોડાની કામગીરીમાં સીબીઆઈના ઘણા અધિકારીઓ જોડાયા હતા. વાંધાજનક દસ્તાવેજોના મામલે સીબીઆઈના અધિકારીઓ કોઈ વાત કરવાની સ્થિતિમાં નથી. અત્રે ઉલ્લેખનીય છે કે કેંગે પોતાના અહેવાલમાં કહ્યું હતું કેખાનગી કંપનીઓને કોલસા બ્લોકની ફાળવણીના કારણે ૧.૮૫ લાખ કરોડનું નુકસાન થયું હતું. એફઆઈઆર દાખલ કરવામાં આવ્યા બાદ આ કંપનીઓ ઉપર સકંજો વધુ મજબૂત બનશે. મહિના લાબુ મોનસૂન સત્ર પરિપૂર્ણ થવાને આરે છે. ભારે ધાંધલ ધમાલ વચ્ચે સંસદની કામગીરી હાલમાં ચાલી શકી નથી. કોલસા બ્લોકની ફાળવણી મામલે ભાજપ સહિત એનડીએના સાથી પક્ષો વડાપ્રધાન મનમોહનસિંહના રાજીનામાની માગ ઉપર મક્કમ બનેલા છે. મડાગાંઠને ઉકેલવા તમામ પ્રયાસો કરાયા હોવા છતાં સમસ્યાનો ઉકેલ આવ્યો નથી. સીબીઆઈએ પાંચ કંપનીઓ સામે એફઆઈઆર દાખલ કરી દરોડાની કામગીરી શરૂ કરતા ભારે ખળભળાટ મચી ગયો છે. સંબંધિત અધિકારીઓમાં પણ દહેશત ફેલાઈ ગઈ છે.

## મુંબઈમાં બિહારીઓ માટે પરમિટ સિસ્ટમ જરૂરી

મુંબઈ,તા.૪


બિહારનાં લોકો પ્રત્યે મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના વડા રાજ ઠાકરેએ ઉશ્કેરણીજનક નિવેદન કર્યા બાદ હવે શિવસેનાનાં કાર્યકારી અધ્યક્ષ ઉધ્ધવ ઠાકરેએ પણ બિહારીઓને ટાર્ગેટ બનાવીને આકરા પ્રહાર કર્યા છે. ઉધ્ધવ ઠાકરેએ આજે કહ્યું હતું કે બિહારનાં જે લોકો મુબંઈમાં રહેવા માંગે છે અને નોકરી કરવા માંગે છે તે લોકો માટે પરમિટ વ્યવસ્થા લાગુ થવી જોઈએ. ઉધ્ધવે કહ્યું હતું કે જો બિહાર સરકાર પોતાનાં એવા નિર્ણય ઉપર જેમાં સરકારે મુંબઈ પોલીસને કોઈપણ ધરપકડ કરતાં પહેલા તેની માહિતી આપવાની વાત કરી રહી છે તો મહારાષ્ટ્ર સરકારે પણ ત્યાના લોકોને મહારાષ્ટ્રમાં આવવા માટે પરવાનગી જારી કરવી જોઈએ. ઉધ્ધવે કહ્યું હતું કે બિહારનાં મુખ્યમંત્રી નિતિશકુમાર બીનજરૂરી વિવાદમાં પડી રહ્યા છે. જે રીતે બિહારનાં વ્યક્તિએ અહીં આવીને કામ કર્યુ છે તેનાથી નિતિશ કુમારને કઠોર પગલા લેવાની વાત કરવી જોઈએ. પરંતુ નિતિશ કુમાર આની તરફેણ કરી રહ્યા છે. શિવસેનાના નેતાએ એમપણ કહ્યું હતું કે નિતિશ કુમારે તોફાની તત્વોનું સમર્થન કરવું જોઈએ નહીં. જો નિતિશ કુમાર આવા વલણ ઉપર મક્કમ રહેશે તો વર્ષ ૨૦૧૪માં અમે તેમનું સમર્થન કરીશું નહીં. જો નિતિશ પોતાનાં વલણને બદલશે નહીં તો દેશનાં વડાપ્રધાન તરીકે તેમને સ્વિકાર કરવા અંગે વિચારણા પણ કરાશે નહીં. મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાનાં વડા રાજ ઠાકરેએ તાજેતરમાં જ એવી ચેતવણી આપી હતી કે જો મુંબઈ પોલીસ સામે બિહાર સરકાર કાયદાકીય પગલા લેશે તો બિહારનાં લોકોને ઘુષણખોર જાહેર કરીને મહારાષ્ટ્રમાંથી હાંકી કાઢવામાં આવશે. રાજનાં આ નિવેદનની વ્યાપક ટીકા થઈ હતી. શિવસેના વડા બાલ ઠાકરેએ પણ મુંબઈ પોલીસનું સમર્થન કર્યું છે અને દેશદ્રોહીઓની ધરપકડ મામલે પ્રશ્ન ઉઠાવનાર નિતિશ કુમારની ટીકા કરી છે. હવે ઉધ્ધવ ઠાકરેએ પણ નિતિશ કુમારની ટીકા કરી છે. રાજ ઠાકરેની થઈ રહેલી ટીકાની ચિંતા કર્યા વગર શિવસેનાનાં કારોબારી પ્રમુખે પણ બિહારીઓ માટે પરમિટ વ્યવસ્થાની માંગ કરી હતી.

## મુંબઈ સહિત રાજસ્થાન, ઉત્તરાખંડ, મધ્ય પ્રદેશમાં પણ ભારે વરસાદ

### ઉત્તરાખંડમાં ઋષિકેશ, બદ્રિનાથ, યમનોત્રી જતાં રસ્તાને બંધ કરવાની ફરજ પડી

નવી દિલ્હી,તા.૪

દેશનાં વાણિજ્ય પાટનગર મુંબઈમાં જ નહીં બલ્કે મહારાષ્ટ્ર અને રાજસ્થાનમાં પણ ભારે વરસાદ થઈ રહ્યો છે. મધ્યપ્રદેશ, રાજસ્થાન, ઉત્તરાખંડ, આંધ્રપ્રદેશ અને જમ્મુ કાશ્મીરમાં પણ ભારે વરસાદ થઈ રહ્યો છે. રાજસ્થાનનાં પાટનગર જયપુરથી પ્રાપ્ત અહેવાલ મુજબ અજમેર અને બાડમેરનાં ઘણાં વિસ્તારો પાણીમાં ડુબી ગયા છે. કલાકોનાં ગાળામાં જ વરસાદથી લોકોની તકલીફ વધારી દીધી છે. રાજસ્થાનનાં રણ વિસ્તારમાં જ્યાં કોઈ સમય લોકો પાણી માટે કટોકટીનો સામનો કરતા હતા ત્યાં પુરની સ્થિતી થઈ ગઈ છે. જયપુર, અજમેર, બાડમેર સહીતનાં ઘણાં વિસ્તારોમાં વરસાદથી લોકોની હાલત કફોડી બની ગઈ છે. નીચાણવાળા વિસ્તારો પાણીમાં ડુબી ગયા છે. ખરાબ પાણી લોકોનાં ઘરમાં ઘુસી રહ્યા છે. ભારે વરસાદે છેલ્લા ૩૦ વર્ષનો રેકોર્ડ તોડી દીધો છે.



મધ્યપ્રદેશનાં જબલપુર, ઉજ્જૈન અને ગ્વાલિયરમાં ભારે વરસાદ થઈ રહ્યો છે. ખરગોન અને રતલામમાં ભારે વરસાદથી જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. ઘણાં વિસ્તારોમાં ઘુટણ સુધીનાં પાણી ભરાઈ ગયા છે. જેસીબી મશીનનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. મધ્યપ્રદેશ, રાજસ્થાન ઉપરાંત ઉત્તરાખંડમાં પણ ભારે વરસાદ થઈ રહ્યો છે.

ઉત્તર કાશી, ચમોલીમાં લોકોની હાલત કફોડી બનેલી છે. ઋષિકેશ અને બદ્રિનાથ અને યમનોત્રી જતા લોકો ફસાઈ ગયા છે. કારણ કે રાષ્ટ્રિય રાજમાર્ગને બંધ કરવાની ફરજ પડી છે. ગુજરાત અને અન્ય રાજ્યોમાં પ્રવાસીઓ અટવાઈ પડ્યા છે. જમ્મુ કાશ્મીરમાં પણ ભારે વરસાદ પડી રહ્યો છે. જેથી વીજળી વ્યવસ્થા ખોરવાઈ ગઈ છે.

### મુંબઈમાં ટ્રાફીક જામ..

- મુંબઈમાં સતત બીજા દિવસે ભારે વરસાદ
- ભારે વરસાદના કારણે ટ્રેન અને વાહન વ્યવહારને માઠી અસર
- મુંબઈની લાઈફ લાઈન ગણાતી લોકલ ટ્રેન સેવાને પણ અસર
- હાર્બર લાઈન અને સેન્ટ્રલ લાઈનમાં ટ્રેન સેવાને અસર
- ૨૦થી ૩૦ મિનિટ સુધી લોકલ ટ્રેન મોડે પડી
- શહેરના જુદા જુદા ભાગોમાં રેલવે ટ્રેક ઉપર પણ પાણી ભરાયા
- થાણે જિલ્લામાં કલ્યાણ નજીક સિંગ્નલ ખોરવાયા
- નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા
- દહીસર, કાંદીવલ્લી, મલાડ, અંધેરી, શાન્તાક્રૂઝ, બાયકુલ્લા, દાદર, વર્લી, ગોરેગાંવ અને કુર્લામાં ચારે બાજુ પાણી ભરાઈ ગયા
- મુંબઈમાં અને મહારાષ્ટ્રના અન્ય ભાગોમાં અતિ ભારે વરસાદની આગાહી કરાઈ

## સમાચાર ઝલક


- દિલ્હીમાં સામાન્ય અકસ્માતમાંથી હિંસા ભડકી, ૨૯ ઘાયલ, પરિસ્થિતિ તંગદિલી ભરી બની.
- ડ્રગની હેરાફેરીમાં પંજાબ દેશમાં સૌથી મોખરે.
- રાજય સરકાર દ્વારા ૧૧મીથી વિવેકાનંદ યાત્રા : મુખ્યમંત્રી કર્ણધાર.
- ચોટીલાના ધારાસભ્યશ્રી ભરતભાઇ ખોરાણીને કાર અકસ્માતમાં ઇજા.
- પાકિસ્તાનમાં અમેરિકન દૂતાવાસના વાહનને નિશાન બનાવતાં આત્મઘાતી બોમ્બર : ૪નાં મોત.
- ગુટખાનાં વિકલ્પમાં 'ટ્વીન પેક' બહાર પડશે, પ્રતિબંધ માટે સરકારમાં વિચારણા, એક પડીકીમાં પાનમસાલાં, બીજીમાં તમાકુ પાવડર જેવા મિશ્રણથી ગુટખાનો સ્વાદ મળી રહેશે.
- આપણે સંગઠિત નહિ થઇએ તો તકોના દરિયામાં ખોવાઇ જઇશું, 'ચાલો ગુજરાત'માં સંકલ્પ.
- એન્કાઉન્ટરોની તપાસનીસ ટાસ્ક ફોર્સમાંથી ડી.એસ.પી. ઉષા રાડાનું ઓચિંતુ રાજીનામું.
- બદ્રીનાથ પાસે ભેખડો ધસી પડી. ગુજરાતી મુસાફરો સહિત સેંકડો ફસાયાં.
- વિધાનસભા ચૂંટણી કાર્યક્રમ જાહેરાત સપ્ટેમ્બરના અંતિમ સપ્તાહમાં.
- કોઇની 'પ્રાઇવસી' માં દખલ કરી તો જેલ/દંડ થશે.
- પેટની આગ ઠારવા માતાએ ૩ દીકરીઓ રૂા. ૧૫૫માં વેચી દીધી, કલકત્તાનો કિસ્સો.
- બુધવારે રાજકોટ જિલ્લા પંચાયતમાં જિલ્લા વિકાસ અધિકારી તરીકે શ્રી ધવલ કિરીટભાઇ પટેલ ચાર્જ સંભાળશે.
- રાષ્ટ્રવાદમાં માનનારો બ્રહ્મસમાજ ભયભીત નથી, રહેશે પણ નહિ, સૌરાષ્ટ્ર કચ્છમાં બ્રહ્મસમાજની મિટીંગમાં રણટંકાર.

## Hello ફ્રેન્ડસ ! (પાના નં. ૪ નું ચાલુ)

પટેલ સરે કહ્યું, અરે ચા જ પીવી હતી તો મને કે'વાય ને? આપણે સાથે પીવાં જાત, સૌ હળવાં થઈ ગયાં, કીધું ભણવું છે કે બીજો કોઇ કાર્યક્રમ છે? અને સૌ નીચી મુંડીએ કલાસમાં ગોઠવાઈ ગયા... સારાં સાહેબોથી જ તો વિદ્યાર્થીઓ ઉજળા છે!!

ગાંધીનગરમાં આંગળીના વેઢે ગણાય એટલાં શિક્ષકો એમનો શિક્ષણ પ્રત્યેની સમર્પિતતાને લઈ રાષ્ટ્રપતિનો શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ મેળવી ચૂક્યાં છે... સફેદ લેંઘો-ઝભ્ભો અને સાયકલ પર શાળામાં આવતાં મંગળદાસ પારેખ એમાંના એક અને અલગ પણ ખરાં... વાણીની મીઠાશ અને અભ્યાસમાં વિવિધતા લાવી ગરીબ - મધ્યમવર્ગનાં બાળકોને પણ નવાં પ્રયોગો દ્વારા શિક્ષકની ઘૂંટી પાનારાં આ શિક્ષક પ્રાથમિક શાળાનાં આચાર્ય અને રાષ્ટ્રપતિ એવોર્ડથી પણ વિશેષ જયારે એમનાં વિદ્યાર્થીઓ સમાજમાં ઉચ્ચ સ્થાને બિરાજે કે નામનાં પામે ત્યારે વધુ પોરસાય છે... એમનો જ કક્કો ઘૂંટાયેલો જયારે સાહિત્યમાં નામનાં મેળવે તો સામેથી ફોન કરી અભિનંદન પાઠવી એટલું જ કહે કે તમે અમને સાચી ગુરૂ દક્ષિણા આપી!!

મિત્રો, શિક્ષક એ સમાજ અને પ્રત્યેક વ્યક્તિ માટે ખાસ છે, પ્રાચીનકાળના આશ્રમમાં ગુરૂથી લઈ, સાંપ્રતકાળનાં બ્લૅક બોર્ડ -ચૉક, ડસ્ટર સાથે જ્ઞાનની પરબ માંડનારાં શિક્ષકોથી લઈ અત્યારે લૅટેસ્ટ ટેકનોલોજી સાથે




દ્વારા અદ્યતન એ.સી. કલાસરૂમમાં શિક્ષણ આપતાં દરેક શિક્ષક પોતાનું મહત્ત્વ ધરાવે છે... સૌની જિંદગીમાં એકાદ શિક્ષક તો એવો આવ્યો જ હશે જે વર્ષોના થર ચઢી ગયાં બાદ પણ એની યાદ કે એમની શિક્ષા યાદ કરી દૂર ખૂણે બેઠો બેઠો ય યાદ કરતો જ હોય... શિક્ષકોને પોતાની જિંદગી પોતાની સમસ્યા, મર્યાદા બધું જ હોય છે, અને છતાંય એકવાર વર્ગમાં આવે એટલે દુનિયાદારી બાજુમાં મુકી વિદ્યાર્થીનું હિત શેમાં છે એ જ જુવે છે, એ એની ખુમારી છે અને એટલે જ એ મહાન છે!!

જેના માનમાં શિક્ષક દિન ઉજવાય છે, એવાં ડૉ. સર્વપલ્લી રાધાક્રિષ્નન પણ પોતે પોતાને શિક્ષક કહેવડાવવામાં આત્મ સન્માન સમજતા હતા... આજે સૌ મિત્રોએ એક જ વિનંતી કે તમે જેમને તમારાં પ્રિય શિક્ષક માનતાં હોય, તમારો આદર્શ કે જિંદગીનાં કૉક તબક્કે તમને કયાંક કંઈક એવું ભાથું આપ્યું હોય જે ભૂલી શકાતું ના હોય એમને આજનાં દિવસે એકાદ ફોન કરી કે શક્ય હોય તો રૂબરૂ મળી વંદન - ચરણસ્પર્શ કરજો, કારણ શિક્ષકને તો વિદ્યાર્થીઓનો ભાવ અને પ્રેમથી વધીને કોઈ ગુરૂદક્ષિણા નથી!!

**ચૂંટલો :**

શિક્ષામાં પણ પ્રેમ અને ઉપદેશ હોય છે.
ક્ષમા જેનું પ્રથમ કર્તવ્ય હોય છે.
કર્મ કર્યા કરવાની સતત ખેવના હોય છે.
દિવસ રાત જોયા સિવાય વિદ્યાર્થીને ભણાવે છે.
નથી કોઈ આશા અપેક્ષા અને ઈલ્કાબની.
અને આવાં જ સમર્પિત - વ્હાલાં - પ્રેમાળ - દયાળું શિક્ષકો સૌનાં દિલમાં વસી જતાં હોય છે.